Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-12, Issue-1, June-2018

# ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનનું શિક્ષણચિંતન :સ્વરૂપ અને સિધ્ધાંતો

ગૌરાંગ આર. પટેલ

M.Sc., M.Ed.,GSET. રીસર્ચ સ્કોલર,ગુજરાત યુનિવર્સીટી, નવરંગપુરા,અમદાવાદ.

**સારાંશ:**

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની એક વિદ્વાન શિક્ષકની સાથે સાથે તેઓ એક આદર્શ ફિલસૂફ તરીકેની તેમની ખ્યાતિ સમગ્ર ભારતદેશ ઉપરાંત વિશ્વમાં જોવા મળે છે. તેના શૈક્ષણિક તત્વજ્ઞાનનાં મૂળભૂત સિદ્ધાંતોમાં ચારિત્ર્ય ઘડતરની તાલીમ નાગરિક માટે ખુબજ આવશ્યક છે.ચારિત્ર્ય ઘડતરની તાલીમ લીધા પછી જ નાગરિક રાષ્ટ્રની સેવા કરે તેવો તેમનો ઉદ્દેશ છે. રાધાકૃષ્ણનને ઉપનિષદના મૂળભૂત સિદ્ધાંતને આધારે કહ્યુ કે શાશ્વત જ્ઞાનની પ્રાપ્તિ માટે મનુષ્યે પોતાનું 'હું પણું' બાજુમાં રાખી દેવુ પડે. મનુષ્યને પોતાનો અહંકાર બહાર કાઢ્યા પછી જ શાશ્વાત જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનનાં મતેશિક્ષણનો મુખ્ય આધાર સ્તંભ આત્માની મુક્તિ છે. આધ્યાત્મિક ગતિશીલતા મનુષ્યને આત્મિક મુક્તિ તરફ લઈ જાય છે. આત્મિક મુક્તિ વગર નક્કી કરેલા ધ્યેય સરળતાથી મેળવી શકાતા નથી. આ ઉપરાંત ડૉ.રાધાકૃષ્ણનમાનવ નિર્માણ ને શિક્ષણનો મહત્વનો પાયો ગણે છે.દેશના નાગરિક ઉચ્ચ શિક્ષણ મેળવીને સફળ ડોક્ટર,વકીલ કે એન્જિનિયર બને છે પણ માનવતાનું નામ નિશાન જોવા મળતું નથી તેનામાં માત્ર ઔપચારિક શિક્ષણ જ જરૂરી નથી તેની સાથે સાથે હૃદયશુદ્ધિ અને આત્મશિસ્તનો સમાવેશ પણ થવો જોઈએ. માનવતા અને સંસ્કૃતિ એક સિક્કાની બે બાજુ છે. સંસ્કૃતિ માનવને અન્ય સામાજિક પ્રાણી કરતા આદર્શ જીવન જીવવાની પદ્ધતિ તરફ આંગળી ચીંધે છે. બ્રિટીશ તત્વજ્ઞાની R.F. Deardern (1970) અનુસાર,

"An activity is not just a bodily act, it necessarily involves mental act"

આમ, માનવનિર્માણનું શિક્ષણ સંસ્કૃતિક વારસો અને આત્મવૈભવની જાળવણી માટે ખુબજ મહત્વનું છે. આ સંસ્કૃતિને પોષવાનું કામ સીધી કે આડકતરી રીતે શિક્ષણમાં થવું જ જોઈએ. આ રીતે ડૉ.રાધાકૃષ્ણનનાં શિક્ષણસિદ્ધાંતો આજના આધુનિક અને પ્રગતિશીલ યુગમાં પણ માર્ગદર્શક અને પ્રેરણાત્મક ભૂમિકા નિભાવે છે.

**ચાવીરૂપ શબ્દો** : માનવ નિર્માણ, જીવન ઘડતર, સ્વ-શિસ્ત

**પ્રસ્તાવના :**

સ્વદેશ પૂજ્યતે રાજા,સ્વગ્રામે પૂજ્યતે પ્રભુ,

સ્વગૃહે પૂજ્યતે મૂર્ખ,વિદ્વાન સર્વત્ર પૂજ્યતે.

સંસ્કૃત ભાષામાં આવતી આ કહેવત આપણા શિક્ષણસપૂત ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણનના જીવનમાં જાણે અક્ષરશઃ સાચી પડી છે.એક વિદ્વાન શિક્ષક,પ્રખર રાજનીતિજ્ઞ અને આદર્શ ફિલસૂફ તરીકેની તેમની ખ્યાતિ ભારત ઉપરાંત સમગ્ર વિશ્વમાં હતી.તેઓ સાચા અર્થમાં એક વિશ્વશિક્ષક હતા.સમગ્ર ભારતદેશ એમના માટે ગર્વ લઇ શકે એવી એમની વિદ્વતા હતી.શિક્ષકથી માંડીને રાષ્ટ્રપતિ સુધીના ઘણા પ્રતિષ્ઠિત હોદ્દાઓ તેમણે શોભાવ્યા છે.જીવનભર શિક્ષણને સમર્પિત રહ્યા અને એટલે જ દર વર્ષની પાંચમી સપ્ટેમ્બરના રોજ આ મહાન ગુરૂનો જન્મદિવસ આપણે 'શિક્ષક દિન'તરીકે ઉજવીએ છીએ.જે તેઓના આપણી ઉપરના અગણિત ઋણ અદા કરવાનો મોંઘો અવસર પણ કહી શકાય.આશિક્ષણગુરૂના ઘણાં મહત્વનાં પુસ્તકોમાં થયેલા શિક્ષણ વિશેના તલસ્પર્શી ખ્યાલો આજનાં યુગમાં પણ માર્ગદર્શક બની રહ્યા છે.તેમના ગહન ચિંતનના પરિપાકરૂપ શિક્ષણના સાચા ફલિતાર્થો આપણા માટે ઘણા ઉપયોગી બનવાપામ્યા છે. આ વિસ્તૃત શિક્ષણચિંતનમાંથી શિક્ષણનું શાશ્વત સ્વરૂપ અને મહત્વના મૂળભૂત સિધ્ધાંતોને અવલોકનકરવાનો ઉપક્રમ અહીં રાખ્યો છે.એ પહેલા એક સમર્પિત શિક્ષણગુરૂનાં જીવનની કેટલીક મહત્વની ઘટનાઓને સ્પર્શી લઇએ.

**જીવનદર્શન** :

ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણનનોં જન્મ ઇ.સ.૧૮૮૮ ના સપ્ટેમ્બર માસની પાંચમી તારીખે મદ્રાસના તિરૂનતિમાં થયો હતો.પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ લૂથર મિશન હાઇસ્કૂલ તિરુનતિમાં થયું.ત્યારબાદ મદ્રાસની ક્રિશ્ચિયન કોલેજમાં ફિલોસોફી વિષય લઇને સ્નાતક થયા અને તેજ વિષયમાં પ્રથમ વર્ગ સાથે એમ.એ.થયા. મદ્રાસની પ્રેસિડેન્ટ કોલેજમાં અધ્યાપન તરીકે સેવાની શરૂઆત કરી.આશરે આઠેક વર્ષની કામગીરી ત્યાં કર્યા બાદ ઇ.સ.૧૯૧૮ માં માયસોર યુનિવર્સિટી માં તત્વજ્ઞાન વિષયના પ્રોફેસર તરીકે નિયુક્તિ પામ્યા.બસ ત્યારથી તેમણે લેખનની શરૂઆત કરી.શિક્ષણ વિષેના તેમના પુસ્તકોએ દેશ-દુનિયામાં ઘણો જ પ્રભાવ પાથર્યો.તેમનાં મહત્વના પુસ્તકોમાં,ધ ફિલોસોફી ઓફ રવીન્દ્રનાથ ટાગોર ,ફેલોશિપ ઑફ ધ સ્પિરિટ ,ઓન નહેરૂ,ધ કોન્સેપ્ટ ઑફ મેન ,ઇસ્ટ એન્ડ વેસ્ટ રિલિજયન,માય સર્ચ ફોર ટુથ વગેરે જગતભરની યુનિવર્સિટીઓમાં અચૂક જોવા મળે છે.

આગળ જતાં પોતાની શૈક્ષણિક કારકિર્દીમાં તેઓએ ઘણા મહત્વના હોદ્દાઓ શોભાવ્યા.૧૯૩૧માં આંધ્ર યુનિવર્સિટીના ઉપકુલપતિ,૧૯૩૬માં ઓક્સફર્ડ યુનિવર્સિટીના નામાંકિત પ્રોફેસર ,૧૯૩૯માં બનારસ હિન્દુ યુનિવર્સિટીના ઉપકુલપતિ, ૧૯૪૦માં બ્રિટીશ અકાદમીંના ફેલો,ઉપરાંત ૧૯૪૬ થી ૧૯૫૦ સુધી યુનેસ્કો ખાતે ભારતીય પ્રતિનિધિઓના અધ્યક્ષ તરીકે પ્રસંશનીય કામગીરી કરી.વિશેષમાં ૧૯૫૨માં ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ અને ૧૯૬૨માં રાષ્ટ્રપતિપદ ઉપર નિયુક્ત થયા જે સમગ્ર શિક્ષણ જગત માટે ગૌરવપ્રદ ઘટના હતી

કે એક શિક્ષક તરીકે ઉજ્જવળ કારકિર્દી આગળ વધારી છેક રાષ્ટ્રપતિ સુધીનું સ્થાન પૂર્ણ નિષ્ઠાથી નિભાવ્યું અને શોભાવ્યું.

આમ,શિક્ષણ અને રાજકારણનો અદભૂત સમન્વય ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના વ્યક્તિત્વમાં ઘડાયો.ઉપરાંત એક મહાન તત્વજ્ઞાની અને પ્રચંડ વિદ્વાન તરીકેની તેમની ખ્યાતિ સમગ્ર વિશ્વ માટે પ્રેરણાસ્ત્રોત બની રહી તેમ કહેવામાં જરાપણ અતિશોક્તિ નથી.

**શાશ્વત શિક્ષણની વિભાવના :**

ડૉ.રાધાકૃષ્ણન આજીવન શિક્ષણના મીમાંસક રહ્યા.તેમનાં મહત્વનાં ઘણાં પુસ્તકોમાં કેળવણી વિષયક વિસ્તૃત વિચારો રજૂ થયા છે જે આપણી વર્તમાન શિક્ષણપ્રણાલી અને ભવિષ્યની શિક્ષણનીતિ માટે ઘણા માર્ગદર્શક બની રહ્યાં છે. તેમની સમગ્ર વાતનો મુખ્ય સૂર એ શિક્ષણની શાશ્વતતા વિશેનો છે.એકવાર વિદ્યાર્થીએ મેળવેલુ શિક્ષણ,આગળ જતાં કદાચ તે વિદ્યાર્થી શિક્ષક બને અને તેના કરતાં પણ ઉચ્ચ હોદ્દો ઉપર જાય તો તેનામાં યોગ્ય અરોહ-અવરોહ સાથે જીવન પર્યંત જળવાઇ રહેવું જોઇએ એમ ડૉ.રાધાકૃષ્ણનનું માનવું છે. વિશેષમાં તેઓ કહે છે,"સતજ્ઞાન તો પરમ સાથેની સમીપતાનું પ્રત્યક્ષીકરણ છે."એ રીતે સાચુ શિક્ષણ આત્માની સ્વતંત્રતા છે. શાશ્વત શિક્ષણના પરમ લક્ષણમાં તેઓ નોંધે છે,"શિક્ષણે પરિપૂર્ણ બનવા માટે માનવીય બનવું જ જોઇએ.તેમાં માત્ર બૌધ્ધિકતાલીમ જ નહિ,પરંતુ હ્રદયશુધ્ધિ અને આત્મશુધ્ધિનો પણ સમાવેશ થવો જોઇએ.શિક્ષણને જો હ્રદય અને આત્મતત્વની અવગણના કરતું હોય તો તે સંપૂર્ણ શિક્ષણ ન કહેવાય." આમ,સત્યવિચાર અને પ્રેમાળ જીવન શિક્ષણના મૂળભૂત અંશ છે.આ રીતે,ડૉ. રાધાકૃષ્ણનના મતે,શિક્ષણપ્રણાલીમાં યુગ પ્રમાણેભલે બદલ્યા કરે પરંતુ શિક્ષણનું હાર્દ તો અખંડ જ રહેવું જોઇએ.સાચા શિક્ષણની આ વિભાવનામાં મનુષ્યના સર્વાંગી વિકાસની સાથે સાથે આત્મિક ઉન્નતિની વાત પણ આવે જાય છે.

**શિક્ષણના મૂળભૂત સિધ્ધાંતો :**

આપણે આગળ જોયું તેમ ડૉ.રાધાકૃષ્ણન શાશ્વત જ્ઞાનને જ મૂળભૂત શિક્ષણ કહે છે.સત્યવિચાર અને પ્રેમાળ જીવન શિક્ષણનો ખરો અંશ છે.એમના મતે શિક્ષણ એ સ્વાતંત્ર્યનું નિર્માણ,બોધ્ધિક શક્તિ અને આત્મિક સંયોજનના આધારે ઊભેલું છે.તેમણે દર્શાવેલા શિક્ષણના મૂળભૂત સિધ્ધાંતોમાં આ વાતને વિસ્તૃત રીતે સમજાવેલી છે. " ધ ફિલોસોફી ઑફ રવીન્દ્રનાથ ટાગોર" નામના અંગ્રેજી પુસ્તકમાં તેમણે સાચા શિક્ષણના મૂળભૂત સિધ્ધાંતો દર્શાવ્યા છે. એ દ્રષ્ટિએ તેમનું ચિંતન ટાગોરજી સાથે ઘણું સામ્ય ધરાવે છે. અહીં આપણે આ મૂળભૂત સિધ્ધાંતોને સંક્ષિપ્તમાં અવલોકાનો ઉપક્રમ રાખીએ છીએ.

ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણને દર્શાવેલ શિક્ષણના મૂળભૂત સિધ્ધાંતો આ મુંજબ છે.

- ❖ ચારિત્ર્ય –ઘડતરની તાલીમ
- ❖ "સ્વ" શોધની કલાનો વિકાસ

- શાશ્વત જ્ઞાનની પ્રાપ્તિ
- આત્મિક મુક્તિ
- માનવનિર્માણકારી શિક્ષણ

હવે ,આ મૂળભૂત શિક્ષણના હાર્દસમાં મૂળભૂત સિધ્ધાંતોને ક્રમવાર વિગતે જોઇએ.

**ચારિત્ર્ય –ઘડતરની તાલીમ** :

ચારિત્ર્ય અને માણસની મહામૂલી મૂડી છે. એ સહજ સ્વીકાર્ય છે.માનવી પાસે તમામ પ્રકારની સમૃધ્ધિ, પર્યાપ્તધન,સર્વ પ્રકારનાં સુખ હોઇ છતાં જો ચારિત્ર્યરૂપી ધન ન હોય તો તેનું જીવન માત્ર સુગંધ વિનાના પુષ્પ જેવું જ બની રહે છે.ડૉ.રાધાકૃષ્ણન કહે છે કે શિક્ષણમાં ચારિત્ર્ય-ઘડતર ઉપરજ ભાર આપવામાં ન આવે તો મહાન રાષ્ટ્રની કલ્પના જ કેવી રીતે રાખી શકાય? ચારિત્ર્યહીન લોકોના હાથમાં કદાચ રાષ્ટ્રનું સંચાલન આવી જાય તો રાષ્ટ્રનું ભલુ ન થઇ શકે. શિક્ષણનો આ મહત્વનો અને પાયાનો સિધ્ધાંત, આજનું બાળક ભણી-ગણીને આગળ જઇ ચારિત્ર્યવાન નાગરિક બને અને રાષ્ટ્રની સેવા કરે એવો ઉદેશ સેવે છે.

ઉપરોક્ત અનુસંધાનમાં દેશને ચારિત્ર્યવાન પુરુષ અને સ્ત્રીની તાતી જરૂરિયાત છે એમ કહી શકાય અને પાયાના સ્તરે આ તાલીમ શિક્ષણના માધ્યમ દ્વારા મળી શકે.એ વાત પણ સહજ સ્વીકાર્ય છે. આજના યુગમાં અધ:પતનની દશામાંઆ સિધ્ધાંત આપણને જાણે દિશાસૂચન કરતો હોય એમ લાગે છે. નિખાલસ વર્તનવ્યવહાર, નિરાભિમાનીતા,સત્યસમીપતા અને પોતાના કર્મને સમર્પિત થઇ જવાની ભાવનાનું આરોપણ કાયમ રીતે જળવાય એ જ ચારિત્ર્ય-ઘડતરની સાચી તાલીમ શિક્ષણ દ્વારા થઇ શકીએમ કહેવાય.અંતમાં તેઓ એમ કહે છે કે, માત્ર નિપુણતા અને બુધ્ધિમતાના જોરે સમાજ મહાન કે કાયમી સમૃધ્ધિ ટકાવી રાખવામાં સક્ષમ ન બની શકે. આ રીતે શિક્ષણનો આ મહત્વનો સિધ્ધાંત પાયાની બાબત ગણાવી શકાય.

**"સ્વ" શોધની કલા**:

ઉપનિષદ આ મૂળભૂત સિધ્ધાંતના આધારે ડૉ.રાધાકૃષ્ણનના આ સિધ્ધાંતનું પ્રતિપાદન કરે છે. કેમ કે આ સિધ્ધાંત ઘણો પ્રાચીન છે.માણસ જ્યાં સુધી પોતાનો અહમ્ ઓગાળે નહિ ત્યાં સુધીની તેમની તમામ જ્ઞાનપ્રાપ્તિ જાણે કે માત્ર ઉપરછલ્લી જ રહે છે. અસલી સોનાને બદલે માત્ર ચળકાટ જ બની રહે છે.પણ કાયમી અને શાશ્વત જ્ઞાનની પ્રાપ્તિ માટે મનુષ્યએ સૌપ્રથમ તો પોતાનું 'હું પણું' બાજુએ રાખી દેવું પડે.પોતાનું નિરાભિમાનીપણું તમામ માર્ગ સરળ બનાવી શકે.પોતાના 'સ્વ' નું જ્ઞાન સર્વોપરી છે. વળી,પ્રત્યેક વ્યક્તિને પોતાના ભીતરમાં રહેલી શક્યતાઓ વિકસાવવાનો પૂર્ણ અધિકાર છે.પરંતુ એ માત્ર બૌધ્ધિક ખેંચતાણથી જ શક્ય ન બને,એ સ્પષ્ટ છે.જેના સ્થાને અંતર્મુખતા અને સ્વસ્થિરતાના પંથે આગળ વધી આ બાબતમાં નિષ્ઠા વધારી શકાય.અધ્યાત્મક એમ કહે છે કે માનવ પોતાની જાતને ઓળખીલે એટલે બધુ આવી જાય.એક કહેવત છે કે 'હું જાય પછી જ હરિ આવે.' એ વાત પણ 'સ્વ' શોધની કલામાં

આવી જાય.દરેક મનુષ્યમાત્ર પોતાનું આત્મદર્શન કરીને પોતાની ક્ષતિઓ જાણી લે એટલે સ્વાભાવિક રીતે તે આત્માથી લજ્જા પામશે.તેનું અભિમાન ઓગળી જશે. આજ વાતને ડૉ.રાધાકૃષ્ણન્ શિક્ષણની મૂળભૂતતામાં સમાવે છે.મહાત્મા ગાંધીએ અને ટાગોર પણ આ વિષયના સમર્થક રહ્યા છે.'સત્યના પ્રયોગો' નાં ઘણ પ્રકરણોમાં ગાંધીજીએ આ વિષયમાં વિસ્તૃત સમજણ આપી છે.

ઉપનિષદો અને ધર્મપુસ્તકોમાં એ વાતને વિશેષ મહત્વ અપાયું છે કે, મનુષ્યના આત્મામાં જ ઇશ્વર રહેલો છે.આત્માની સ્વચ્છતા પ્રભુનું નિવાસસ્થાન બની જાય છે. 'આત્મા સો પરમાત્મા' એ ભાવન આજે પણ સાધુઓ દોહરાવે છે. પરંતુ આ બાબતને કેમ ઓળખવી,આત્માનું અવલોકન કેમ કરવું? એ રસ્તો બતાવે એ ઉત્તમ પ્રકારની કેળવણી છે,એમ રાધાકૃષ્ણનનું માનવું છે.

**શાશ્વત જ્ઞાનની પ્રાપ્તિ** :

શાશ્વત જ્ઞાનની પ્રાપ્તિ એ પણ શિક્ષણનો અગત્યનો મૂળભૂત સિધ્ધાંત છે.રાધાકૃષ્ણન એ એવા જ્ઞાન ઉપર ભાર મુંકે છે કે જે માનવના જીવાતા જીવન સાથે વણાઇ ગયુ હોય.માણસ પુસ્તકમાંથી શીખી શકે છે,પરંતુ એ જ્ઞાન માત્ર ઔપચારિક હોય છે.આ પ્રકારનું જ્ઞાન માણસના ભીતરી તત્વ સુધી પહોંચતુ નથી.વળી ,માણસ સચા અર્થમાં રૂપાંતરિત થયો નથી. ઉમાશંકર જોષી કહે છે તેમ 'હું માનવી માનવ થાઉ તો ઘણું' એ રીતે માનવીમાંથી માનવ બનવા માટે તો માણસ અધ્યેતાએ એકાંતપળોમાં શાંત ચિત બેશી,અંતઃસ્કુરણાનું જ્ઞાન મનમાં ફેલાવી પોતાનાં વર્તનસ્વભાવમાં કેટલુ સમરસ થાય છે, તે તપાસવું પડે.જે જ્ઞાન મેળવવા માટે માણસ અહી-તહીં ભટકે છે,કથા,મંદિરોના ઉપદેશ્માં જે સાંભળે છે તેની અનુભૂતિ તો પોતાની ભીતર જ સમાયેલી છે.પણ કરૂણાએ વાતની પણ છે કે જેમ મૃગને શોધ સાચી કસ્તુરીને હોય છે અને તે પોતાની પાસે જ હોવા છતાં દોડ્યા કરે છે, તેવું જ માણસનું આ અનુસંધાનમાં છે.

શાશ્વ એટલે કે સનાતન,હંમેશા ટકી રહે તેવું અને એથી વિશેષ કહેવું હોય તો જે જ્ઞાન માણસને ભવોભવસાથે રહે તેવું. જેને અધ્યાત્મ 'આત્મિક કેળવણી' પણ કહે છે. આપણા ઘણા મહાપુરુષોએ આ વિષયમાં પોતાના વિચારો આપ્યા છે.સાચા શિક્ષણના મુખ્ય ઉદ્દેશો અને મુલ્યોને સિદ્ધ કરતાં તેમાં સનાતન જ્ઞાનપ્રાપ્તિને જો સાંકળી લેવામાં આવે તો જ્ઞાન ચિરસ્થાયી બને છે.રાધાકૃષ્ણનના મતે, 'મનુષ્યના જીવનનો હેતુ દન્યવી આનંદપ્રમોદ જ નથી,પણ આત્માની કેળવણી છે."આંતરિક પરમતત્વની પ્રતીતિ માટે જીવન છે. માણસ જો જાણીજોઇને જ આ બાબતની અવગણના કરે તો તે હાથે કરીને જ તક ગુમાવે છે.' શિક્ષણનો અંતિમ હેતુ જ માણસના સાચા આંતરજગતને સહાયક થવાનો છે જે એક ખૂબજ સ્પષ્ટ વાત છે.આ રીતે રાધાકૃષ્ણનના મતે સતજ્ઞાનની પ્રાપ્તિનો શિક્ષણ સિદ્ધાંત આધારભૂતસિદ્ધાંતકહી શકાય.

**આત્મિક મુક્તિ** :

શિક્ષણનો મુખ્ય આધારસ્તંભ આત્મિક મુક્તિ છે.ડૉ.રાધાકૃષ્ણનના મતે વ્યક્તિત્વની આંતરિક ગહનતા તથા તેની આધ્યાત્મિક ગતિશીલતા મનુષ્યને આત્મિક મુક્તિ તરફ લઇ જાય છે.માણસની આત્મિક મુક્તિ સિવાય કશું જ મહાન નથી તેમજ આત્મતત્વ પરના માનવીય અધિકારથી કશું ચડિયાતું નથી.છંતા માનવી પોતાની આંતરિક સ્વતંત્રતાના ભોગે પણ દુન્યવી બાબતોમાં ગળાડૂબ થઈ જાય છે.તે કેટલી કરૂણ અને કમનસીબ વાત છે તેમ રાધાકૃષ્ણનનું માનવું છે.વળી,આત્મોન્નતિનું સંપૂર્ણપણે જતન થવું જોઇએ તે વાત ઉપર તેઓ વધારે ભાર મૂકે છે.તેઓ કહે છે કે,'કલા અને સ્થાપત્ય ,તત્વજ્ઞાન અને ધર્મ ,વિજ્ઞાન અને પ્રાવિધિક વિજ્ઞાનમાંનીમાણસની મહાનતમ સિધ્ધિઓ પોતાના વાતાવરણના દાસ બની જનારા માટે નથી,પણ એ પર્યાવરણ ઉપર પ્રભુત્વ મેળવી પોતે પસંદ કરેલી રીતે એને ફરીથી આકાર આપવાની ક્ષમતા ધરાવનાર માણસોને આભારી છે. 'આઅનુંસંધાને શિક્ષક અંત:તત્વના આ સ્વતંત્ર આદર્શને નજર સમક્ષ રાખવો જોઇએ, એમ રાધાકૃષ્ણન માને છે.ખૂબજ ભવ્ય વાત ડૉ,રાધાકૃષ્ણને આપણને સમજાવી છે.તેમના ગહન ચિંતનની સહજ ફલશ્રુતિ ત્વરિત દેખાઇ આવે છે.

સંસારમાં બે પ્રકારનાં મનુષ્ય હોય છે.પહેલા પ્રકારના મનુષ્યો કે જ્યાં જાય ત્યાં જે-તે વાતાવરણ પ્રમાણે ભળી જતા હોય; જ્યારે બીજા ઓછા પ્રમાણવાળા મનુષ્ય કહી શકાય કે જેઓ જ્યાં જાય ત્યાં પોતાના થકી નવું વાતાવરણ ઊભુ કરતા હોય.આ બાબત ડૉ.રાધાકૃષ્ણનના પ્રસ્તુત સિદ્ધાંતને અનુસરે છે. વળી, જેના ઉપર વાતાવરણની ત્વરિત અસર થઇ જાય તે સામાન્ય માણસ કહેવાય.આવા મનુષ્યો જીવનની કોઇ શાશ્વત સિધ્ધિ મેળવી શકતા નથી.જ્યારે માત્ર નિજઆત્માને અનુસરી ,આત્મિક રીતે સ્વતંત્ર બની મહેનત કરનાર મનુષ્ય ચોક્કસ પોતાના ધ્યેયને મેળવી શક્યા છે. બીજાની અસરથી જીવી જાણનારા કદી નવો માર્ગ કાઢી શકતા નથી કે પોતે નક્કી કરેલા ધ્યેયો સરળતાથી મેળવી પણ શકતા નથી.આમ,વ્યક્તિના પાયાના શિક્ષણ સિધ્ધાંતમાં આત્મિક મુક્તિનો ભાવ ઉત્તરોતર પ્રગતિ માટે અગત્યનો બની જાય છે. ડૉ.રાધાકૃષ્ણનના જીવનમાં આ બાબત પ્રત્યક્ષ થઇ હતી.

**માનવનિર્માણ શિક્ષણ** :

માનવનું નિર્માણ કરવું એ શિક્ષણનો અને મહત્વનો અને પાયાનો મૂળ સિધ્ધાંત છે.દેશનો નાગરિક ભણીગણીને સફળ ડૉક્ટર ,એન્જિનિયર કે વકીલ બને પણ જો તે માત્ર ઔપચારિક જ્ઞાનને વરેલો હોય અને માનવતાનું નામનિશાન ન હોય તો તે સફળ શિક્ષણના નિશાની નથી,તેમ રાધાકૃષ્ણનનું માનવું છે.તેમનો મતે 'શિક્ષણે પરિપૂર્ણ બનવા માટે માનવીય બનવું જ જોઇએ,તેમાં માત્ર બૌધ્ધિક તાલીમ જ નહિ,પણ હદયશુધ્ધિ અને આત્મશિસ્તનો પણ સમાવેશ થવો જોઇએ.એ રીતે સત્ય વિચાર અને પ્રેમાળ જીવન શિક્ષણનો માનવીય અંશ છે' આગળ તેઓ કહે છે કે, 'શિક્ષણનું કામ માત્ર કુશળ કારીગરો અને તજજ્ઞો બનાવવાનું જ નથી,પણ સભ્ય માનવનું નિર્માણ કરવાનું છે.'

માનવતા અને સંસ્કૃતિ એક સિક્કાની બે બાજુ છે. માનવનિર્માણકારી શિક્ષણમાં સંસ્કૃતિની ભૂમિકા ઘણી મહત્વની છે. રાધાકૃષ્ણનના મતે સંસ્કૃતિ એટલે મનુષ્યમાં રહેલી પશુતાને વશ કરવાની પ્રક્રિયા.સંસ્કૃતિ માણસને માનવીમાંથી માનવ બનાવે છે. મનુષ્યને અન્ય સામાજિક પ્રાણી કરતા ઊંચી ભૂમિકાએ લઇ જઇ આદર્શ જીવન જીવવાની પધ્ધતિ તરફ અંગુલીનિર્દેશ કરે છે.મનુષ્યના ઉત્ક્રાંતિકાળથી આજ સુધી તેને સભ્ય નાગરિક બનાવવામાં જો ઉપકારક પરિબળ કોઇ રહ્યું હોય તો તે સંસ્કૃતિ છે.અને આ સંસ્કૃતિને પોષવાનું કામ સીધી કે આડકતરી રીતે શિક્ષણ થવું જ જોઇએ. અને તો જ માનવસમાજની આધારશીલા, પ્રેરક મૂલ્યો અને શાશ્વત પ્રગતિ માનવ –વિકાસયાત્રામાં જળવાઇ રહે. આ રીતે શિક્ષણ ભલે ગમે તેટલું આધુનિક બને પણ એ પોતાનું મૂળભૂત સ્વરૂપ જ વીસરી જવા પામે તો આપણે શી પ્રગતિ કરી કહેવાય ? આ દ્રષ્ટિએ 'માનવનિર્માણકારી શિક્ષણ' સિધ્ધાંત ઘણું જ મહત્વ ધરાવે છે.સાંસ્કૃતિક વારસો અને આત્મવૈભવની જાળવણી એ શિક્ષણનો પ્રાણ છે.તેના અજવાળે-અજવાળે શિક્ષણનાં ઉત્તરોત્તર શિખર સર કરવા એવો હેતુ સનાતન છે, એ નિશ્ચિત વાત છે.

**ઉપસંહાર** :

આમ,ડૉ.રાધાકૃષ્ણન આજીવન શિક્ષણના ઉપાસક રહ્યા કેળવણીના સાચા સ્વરૂપને પામવા તેઓ સતત ગહન ચિંતનમાં રહેતાં.શિક્ષણની સાચી સંકલ્પના કરવાની સાથે સાથે પામવા તેનાં સનાતન તત્વોને જાળવી રાખવાની ચિંતા પણ તેઓએ સેવી હતી. તે વાત તેમના વિચારોમાં સ્પષ્ટ જણાઇ આવે છે. તેમની શિક્ષણ–વિચારધારાઓ આપણા શિક્ષણજગતની ધરોહર સ્વરૂપ છે.આજના આધુનિક અને પ્રગતિશીલ યુગમાં પણ તેમના માર્ગદર્શક,સિધ્ધાંતો શિક્ષણપ્રક્રિયામાં પ્રેરણાત્મક ભૂમિકા નિભાવે છે, એ નિ:શંક વાત છે.ઔપચારિક શિક્ષણથી માનવતાના મુલ્યને સલામત રાખવાની તેમની દલીલો બેશક સાર્થક બની છે.શિક્ષણના અડિખમ અવધૂત તરીકે આજીવન તેઓ ચંન્દ્રની શીતળ ચાંદનીની જેમ પ્રકાશ પાથરતા રહ્યા અને આજે પણ તેમના વિચારોની આ વિચારપ્રસાદીઓ આપણને દીવાસ્વરૂપે ઝળહળી શિક્ષણનો સાચો રાહ બતાવે છે.

**સંદર્ભસૂચિ** :-

શાસ્ત્રી,જયેન્દ્ર દવે :'**ભારતીય શિક્ષણ ચિંતકોનું શિક્ષણ**', અમદાવાદ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ–ગુજરાત રાજ્ય

શાસ્ત્રી,જયેન્દ્ર દવે: '**કેળવણીના તાત્વિક આધારો**', અમદાવાદ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ –ગુજરાત રાજ્ય

S.Radhakrihnan: **Principal Upanishadas**, George, Allen & Unwin New York, 3rd Edition, 1969